ક્રમાંકઃ જીઆઈડીસી/જમે(વિત./રસુ.)/પોલીસી/૨૨.
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તારીખઃ ૩૧:૧:૨૦૦૬.

**પ રિ પ ત્ર::-**

વિષયઃ- નિગમે કબજો પરત મેળવ્યો હોય તેવા પ્લોટના
પુનઃ વિતરણ પ્રસંગે લગત પ્લોટના ઉદ્યોગને -
હરાજી વગર ફાળવવા બાબત.

........

નિગમની વસાહતોમાં ઔદ્યોગિક પ્લોટ / શેડ , રહેણાંક કવાટર્સ / પ્લોટ વિગેરેનું લાયકાતના ધોરણોએ અગ્રતાક્રમ અનુસાર વિતરણ કરવાની બાબત અમલમાં હતી. તેમજ નિગમ પાસે બાંધકામ વાળી મિલ્કતો મુખ્યત્વે શેડ, રહેણાંક કવાર્ટસ, વાણિજ્ય મિલ્કત ફાળવ્યા સિવાય ઉપલબ્ધ હતી. ઘણા કિસ્સાઓમાં આ મિલ્કતના કબજા નિગમને પરત મળેલ પણ હતા.

નિગમના અધિકારીશ્રીઓની તા.૧૩/૭/૦૫ ના રોજ મળેલ રીવ્યુ મીટીંગમાં જે મિલ્કતો વેચાણ થયા બાદ નિગમને પરત મળી હોય તેવી મિલ્કતોનું વેચાણ થયા બાદ નિગમને પરત મળી હોય તેવી મિલ્કતોનો નિકાલ ફકત હરાજીથી કરવા નકકી કરવામાં આવ્યું હતું. લગત પ્લોટના કિસ્સામાં પણ જાહેર હરાજીથી ફાળવણી કરવા સદર મીટીંગમાં ચર્ચા થઈ હતી. નિગમની બાંધકામ વાળી મિલ્કતો હરાજીથી આપવાનો નિર્ણય અને રીવ્યુ મીટીંગમાં થયેલ ચર્ચાને અનુલક્ષીને તમામ પ્રાદેશિક કચેરીઓ તરફથી બાંધકામ વાળી મિલ્કતો , પરત મળેલા ઉદ્યોગના શેડ તેમજ વાણિજ્ય પ્લોટ માટે વર્તમાન પત્રમાં જાહેરાત આપી હરાજીથી વેચાણ કરવામાં આવે છે. તેથી આ માટે ફેડરેશન ઓફ ઈન્ડ. એસોસીએશન તરફથી માન.મંત્રીશ્રી (ઉદ્યોગ) ની મીટીંગમાં ઉદ્યોગને લગત પ્લોટની ફાળવણી હરાજી સિવાય ફાળવવા રજૂઆત કરેલ.

નિગમે કબજો પરત મેળવ્યો હોય તેવા પ્લોટના પુનઃ વિતરણ પ્રસંગે લગત પ્લોટના ઉદ્યોગને હરાજી વગર ફાળવવા બાબતે ૪૨૯ મી સભા જે તા.૯/૧૨/૨૦૦૫ ના રોજ મળેલ તેમાં કાર્યસૂચિ રજૂ કરવામાં આવેલ. આ કાર્યસૂચિમાં નિગમે ઔદ્યોગિક એકમને વિસ્તરણ માટે લગત પ્લોટ કે શેડ જાહેર હરાજી સિવાય ફાળવવાની બાબત નીચેના નિયંત્રણને લક્ષમાં લઈ અનુસરવાનું ઠરાવેલ છે. ::–

૧ઃ પ્લોટ તેમજ શેડ ધારક બંને વિસ્તરણ માટે હરાજી સિવાય લગત પ્લોટ કે શેડની ફાળવણી માટે હકકદાર રહેશે.

૨ઃ વિસ્તરણ માટે લગત પ્લોટની માંગણી કરનાર ઔદ્યોગિક એકમ છેલ્લા ત્રણ વર્ષથી ઉત્પાદનમાં હોવો જોઈએ.

૩ઃ પ્રવર્તમાન ઔદ્યોગિક એકમની લગત પ્લોટ કે શેડ માટેની માંગણી ફકત ઔદ્યોગિક હેતુના પ્લોટ માટેની હોવી જોઈએ. કોર્મશીયલ, રહેણાંક કે અન્ય હેતુના પ્લોટ માટે લગત પ્લોટ તરીકેની માંગણી કરી શકાશે નહી.

૪ઃ લગત પ્લોટ કે શેડની માંગણી કરનાર ઔદ્યોગિક એકમે ઉદ્યોગના વિસ્તરણનો વિસ્તૃત કાર્યક્રમ આપવાનો રહેશે. તેમજ લગત પ્લોટ કે શેડનો ઉપયોગ બે વર્ષની અંદર કરવાનો રહેશે.

૫ઃ જે ઔદ્યોગિક એકમે તેમના ઔદ્યોગિક એકમનો વાણિજય ઉપયોગ કરેલ હોય કે અન્ય મંજૂર ન થઈ શકે તેવું ગેરકાયદેસર બાંધકામ કે કૃત્ય કરેલ હોય તેઓ લગત પ્લોટની ફાળવણી મેળવવા પાત્રતા ધરાવશે નહી.

૬ઃ લગત પ્લોટનો ઉપયોગ ફકત ઔદ્યોગિક હેતુસર જ કરવાનો રહેશે.

૭ઃ ઔદ્યોગિક એકમે તેમને ફાળવેલ પ્લોટ કે શેડના વિસ્તારના લગત પ્લોટ કે શેડ ફાળવવા માંગણી કરશે તો તેમના મૂળ પ્લોટ / વિસ્તારના માંગણીના પ્લોટના વિસ્તાર સુધી ફાળવણી કરવાની સત્તા ઉપા. અને વ.સં.શ્રીની રહેશે. પરંતુ તેમના મૂળ પ્લોટના વિસ્તાર કરતાં લગત પ્લોટનો વિસ્તાર વધુ હશે તો નિયામક મંડળની મંજૂરી લેવાની રહેશે.

૮ઃ લગત પ્લોટ કે શેડની ફાળવણી જે તે વસાહતની પ્રવર્તમાન વિતરણ કિંમતે કરવી.

૯: જો લગત પ્લોટ કે શેડની આસપાસ એક કરતાં વધુ ઉદ્યોગો હોય અને તે પૈકીના એક કરતાં વધુ ઉદ્યોગગૃહો લગત પ્લોટ / શેડ મેળવવા ઈચ્છતા હોય તો તે ઉદ્યોગગૃહો વચ્ચે હરાજી કરી જે મહત્તમ કિંમત બોલે તેમને ફાળવવાનો રહેશે.

૧૦: ફાળવેલા લગત પ્લોટ કે શેડનું વણવપરાશી પ્લોટ કે શેડ તરીકે અલાયદી તબદીલી કરી શકાશે નહી. અને તે પ્લોટ / શેડ પરત લેવામાં આવશે અને તે પેટે ચૂકવેલ તમામ રકમ જપ્ત કરવામાં આવશે.

આ પરિપત્ર મળ્યાની પહોંચ મેનેજરશ્રી (વિ.ત./રસુ.) ને પાઠવવા વિનંતિ.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ...

રવાના કર્યું,

મેનેજર (મહેકમ).